સામેરી-પછી સંતને આપી આગન્યા, જાઓ ફરવા સહુ મળી ।
જ્યારે અમે તેડાવિયે, આવજ્યો તમે વળી ॥૧॥
અણતેડ્યે નવ આવવું, વળી લોપી અમારું વચન ।
હેત હોય તો હરિની મૂરતિ, ન વિસારવી નિશદન ॥૨॥
આગન્યા વિના જે આવવું, તેમાં રાજી અમે નહિ રતિ ।
વચન પ્રમાણે જે વરતે, તે ઉપરે પ્રસન્ન અતિ ॥૩॥
શશિ સૂરજ શેષ સિંધુ, સર્વે રહે અમારા વચનમાં ।
વારિ વસુધા વહનિ, મરુત ડરે વળી મનમાં ॥૪॥
ભવ બ્રહ્મા ભુલે નહિ, ડરે વચનથી દિગપાળ ।
સુરાસુર ઇંદ્ર અંબા, કંપે વચનથી કાળ ॥૫॥
તેહ સર્વે એમ જાણે જે, વડા થયા વચનથી ।
એવાં વચન આજનાં, તમે જાણ્યાં છે કે જાણ્યાં નથી ॥૬॥
એવાં વચન જો જાણો અમારાં, તો પાળો સહુ સુજાણ ।
એવું ન મનાય અંતરે, તો કેમ માન્યું છે કલ્યાણ ॥૭॥
માટે સહુ સુજાણ છો, વળી સાંભળી છે બહુ વારતા ।
છોટાં મોટાં વચન અમારાં, તેને રખે વિસારતા ॥૮॥
એટલી વાત કરી હરિ, પછી શીખ દીધી સંતને ।
મળી વળી મસ્તાન કરી, મોકલ્યા ગુણવંતને ॥૯॥
નાથ નિરખિ હૈયે હરખી, લખી લીધા અંતરે ।
સુખ લઈ મગન થઈ, ચાલ્યા દેશોદેશાંતરે ॥૧૦॥
જીયાં જીયાં આપી આગન્યા, તિયાં તિયાં સંત સહુ ગયા ।
હેત જોઈ હરિજનનાં, ગીરધરજી ગઢડે રહ્યા ॥૧૧॥

નાથ કહે સહુ સાથને, આજ સંત છે જે આપણા ।
સરવે અંગે મેં શોધિયા, કોઈ રીત્યે નથી મણા ॥૧૨॥
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય વળી, તપતણી સહુ મૂરતિ ।
શમદમાદિ સાધને સંપન્ન, અંગે અઘ નહિ રતિ ॥૧૩॥
એમ વારમવાર વાલો, ગાય તે ગુણ સંતના ।
પછી કાંઈક દિન વીતે, આવ્યા દિન વસંતના ॥૧૪॥
કર્યો ઉત્સવ આનંદમાં, વસંત પંચમીનો વળી ।
આસપાસથી દાસ તેડ્યા, આવ્યા સંત સહુ મળી ॥૧૫॥
તાને ગાન ગાય તિયાં, સર્વે મળી વળી સંત ।
એમ આનંદ ઉત્સવ કરતાં, વીત્યો વળી વસંત ॥૧૬॥
પછી આવી હુતાસની, ત્યાં હરિજને રંગ ઘોળિયા ।
અલબેલાને ઉપરે, કળશ કેસરના ઢોળિયા ॥૧૭॥
લાગી ઝડી ત્યાં રંગની, ઉડે ગુલાલ અતિઘણો ।
ખુબ તિયાં ખેલ મચ્યો, હરિને હરિજનતણો ॥૧૮॥
પછી નાથે હાથશું, રંગે રંગ્યા સહુ સંતને ।
રસબસ કરી રસિયે, આપ્યાં સુખ અનંતને ॥૧૯॥
એમ રમી હુતાસની, નાહ્યા પછી જઈ નીરમાં ।
સખા સંગે શ્યામળો, શોભે છે શરીરમાં ॥૨૦॥
પછી સુંદર ભોજન કરી, જને જમાડ્યા નાથને ।
જમી સુંદર શ્યામળે, જમાડ્યા સખા સાથને ॥૨૧॥
એમ લીળા વાલે કરી, ફાગણ શુદી પુન્યમ દને ।
અચિંતવ્યો ઉત્સવ કર્યો, જનકારણે શ્રીજીવને ॥૨૨॥
એક ઉત્સવ શું કહું, નિત્ય નિત્ય ઉત્સવ થાય છે ।
નર નારી નિયમ ધારી, ગુણ ગોવિંદના ગાય છે ॥૨૩॥
નિત્ય સંત સમૂહ જમે, તે ગમે મનમાં અતિઘણું ।
જયા લલિતા જન જોડી, ઉદાર મન ઉત્તમતણું ॥૨૪॥
સદા સમીપે શ્યામને, વીતે વરષ તે પલસમ ।

આનંદમાં નિશદિન વીતે, તેની ન પડે ગમ ॥૨૫॥
પછી સુંદર શ્રાવણે, આવી છે જન્માષ્ટમી ।
હરિજન કહે મુનિ તેડીયે, કોઇ વાતની નથી કમી ॥૨૬॥
પછી નાથજી બોલિયા, સહુ સંત છે પરદેશમાં ।
આસપાસ જે આંહિ છે, એતો આવે છે હમેશમાં ॥૨૭॥
તેને પછી તેડાવિયા, ઉત્સવ કરવા આનંદમાં ।
સખા સંગે શ્યામળો, રાજી રમવા જનવૃંદમાં ॥૨૮॥
પાપીએ પરીયાણ કીધું, તેમાં વિપત પાડવા વળી ।
ઉત્સવના દિન ઉપરે, આવિયા અસુર મળી ॥૩૦॥
આશય એનો ઓળખી, વળી કરી હરિએ વારતા ।
આપણે આંહિથી ચાલિયે, એ જાય પાછા જખ મારતા ॥૩૧॥
પછી હરિજન હરિ પોતે, પ્રભુજી પધારિયા ।
અસુરનું નવ ઉપજ્યું, જેવા આવ્યા તેવા ગયા ॥૩૨॥
એહ વિઘન ટાળી વળી, અલબેલોજી આવિયા ।
પછી અન્નકોટ ઉપરે, સંત સહુને બોલાવિયા ॥૩૩॥
કરી ઉત્સવ અન્નકોટનો, પછી સંતને શીખ કરી ।
નરનારાયણ દેવની, ફેરવી કંકોતરી ॥૩૪॥
સતસંગી સરવે મળી, શ્રીનગર સહુ આવજ્યો ।
નરનારાયણ દેવની, મૂરતિયો પધરાવજ્યો ॥૩૫॥
અમે પણ ત્યાં આવશું, તે જરૂર તમે જાણજ્યો ।
સારો સમૈયો સુધારશું, અંતરે પ્રતીત આણજ્યો ॥૩૬॥
આવ્યા પછી અલબેલડો, મહાવદી દશમી દિને ।
તેદિ પ્રભુજી પધારિયા, શ્રીજેતલપુર પત્તને ॥૩૭॥
દીધાં દર્શન દાસને, હરિજને નિરખ્યા શ્રીહરિ ।
સતસંગી સુખિયા થયા, નાથ નિહાળ્યા નયણાં ભરી ॥૩૮॥
પછી દિવસ વળતે, શ્રીનગરે શ્યામ સધાવિયા ।
જોઇ ઉતરવા જાયગા, પાછા જેતલપુરે આવિયા ॥૩૯॥

ભકત એક ભાવિક વસે, ગામ અસલાલી તિયાં ।
તેને ભવન ભોજન કરી, સંઘે સહિત સરે ગયા ॥૪૦॥
કર્યા ઉતારા કાંકરિયે, દેશદેશના દાસ આવિયા ।
રથ વેલ્ય ને પાલખી, ઉંટ ઘોડાં ગાડલાં લાવિયા ॥૪૧॥
બાળ જોબન વૃધ્ધ વળી, મનુષ્ય ત્યાં મળ્યાં ઘણાં ।
કોઈ કેને નવ ઓળખે, આવ્યા દાસ બહુ દેશતણાં ॥૪૨॥
ઉચ્ચે આસને બેસી વાલો, દાસને દર્શન દિયે ।
સનમુખ બેસે સંત સહુ, નિરખિને સુખ લિયે ॥૪૩॥
નરપતિ રાજી અતિ, તે પ્રભુ પાસે આવિયા ।
પછી દિવસ વળતે, પોતે પ્રભુજી ત્યાં ગયા ॥૪૪॥
અતિ હેતે આસન આપી, પ્રેમેશું પૂજા કરી ।
પછી જેજે પૂછિયું, આપ્યો ઉત્તર તેનો હરિ ॥૪૫॥
રાજા અતિ રાજી થઈ, પછી પ્રભુને પાય લાગિયા ।
એનું કારજ કરી હરિ, શ્યામ સંઘમાં આવિયા ॥૪૬॥
પછી દિવસ વળતે, પધરાવી છે મૂરતિ ।
નરનારાયણ દેવ ડેરે, બેઠા બેઉ બદરીપતિ ॥૪૭॥
અનેક જન તિયાં આવિયા, નિરખવા નરવીરને ।
દર્શન કરી દયાળનાં, પામિયા સુખ અચિરને ॥૪૮॥
સુંદર માસ સોયામણો, ફાગણ શુદી તૃતીયા તિથિ ।
તે દિને સ્થાપન કર્યું, વાલો આવ્યા વિશાળાવનથી ॥૪૯॥
વિકટ અદ્રિ બદ્રિ આડા, જઈ ન શકે ત્યાં કોઈ ।
અતિ અગમ તે સુગમ થયા, હરિજનનાં હેત જોઈ ॥૫૦॥
ભાગ્ય મોટાં એ ભૂમિનાં, જ્યાં પધાર્યા પોતે ધણી ।
નરનારી નાથ વિના, પીડાતિ પ્રજા ઘણી ॥૫૧॥
પછી ઉતારી આરતી, નાથ રાખજયો નજર મહેરની ।
પછી દિવસ વળતે, કરી ચોરાશી શહેરની ॥૫૨॥
કરી કારજ એટલું, શ્યામળિયો સધાવિયા ।

ઘણે મુલે ઘોડે ચડી, જયતલપુરે જઈ રહ્યા ॥૫૩॥
પછી ત્યાંથી પધારિયા, દયાળુ દેશ પાંચાળ ।
કરી કારજ એટલું, આવ્યા ગઢડે ગોપાળ ॥૫૪॥
અનંત લીળા કરી હરિ, વળી અનંત લીળા કરશે ।
એવો કોણ કવિરાજ છે, જે અથ ઈતિ ઓચરશે ॥૫૫॥
શેષ મહેશ શારદા, જેના ગુણ ગાતાં થકે ।
નેતિનેતિ કહિ રહે નિગમ, તેને કોણ કહી શકે ॥૫૬॥
ગાંધર્વ મુનિ નારદમુનિ, ગણપતિ અતિ ગાયછે ।
બહુ બળે જાય બોલવા, પણ જેમ છે તેમ શું કહેવાય છે ॥૫૭॥
માટે મનમાં વિચારિયું, એના ગુણ અપાર છે ।
કહીકહીને કહે કવિ, તોય હારવા નિરધાર છે ॥૫૮॥
ભૂરજ જળકણ જે ગણે, વનપાત ગાતરોમાવલી ।
મેઘઝણયકણ કવિગણે, અનંતના ઉડુગણ મળી ॥૫૯॥
એતો સર્વે અનંત છે, પણ તેનો અંત કોઈક લહે ।
એવા કોટિ કોટિ મળે, પણ હરિગુણ કોણ કહે ॥૬૦॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી એ નામે છયાશિમું પ્રકરણમ્ ।૮૬